# કુદરતી આપત્તિનો કેર જ્યારે 'સત્તાવાર' બને !



બોર્ડર

કેપ્ટન શૂરવીર સિંહ

નેપાળમાં ઊભી થયેલી કુદરતી આપત્તિ અત્યારે વૈશ્વિક ચર્ચાનો વિષય છે. આ મુદ્દે ચાલી રહેલી ચર્ચાનાય વળી અનેક પાસાં છે પણ એમાં બે પાસાં મુખ્ય છે. એક, માણસે હાથે કરીને ઊભી કરેલી પર્યાવરણની સમસ્યા તરીકે અને બે, દુશ્મન દેશો અને ક્યારેક સ્પર્ધક દેશો સામે તેમજ ક્યારેક કોઈ એક ચોક્કસ દેશને આંતરિક રીતે નબળો પાડીને અન્ય એક ચોક્કસ દેશ દ્વારા પોતાની 'કઠપૂતળી'બનાવવાના પ્રયાસ અને તે માટેના સાધન તરીકે તેની મૂલવણી.

આ પાસાની ચર્ચામાં એક વાત એવી પણ ચાલે છે કે નેપાળમાં આ પરિસ્થિતિ ઊભી થવાની હતી તેની આગોતરી માહિતી ચીન પાસે હોવા છતાં તેણે એ માહિતી સમયસર નેપાળને આપી નહીં અને તેના પરિણામરૂપે નેપાળમાં આ પરિસ્થિતિ ઊભી થઈ. આ તબક્કે અહીં એ પણ નોંધવું રહ્યું કે નેપાળના વર્તમાન પડકાર સંદર્ભે ચીનની ભૂમિકાનો આ હિસ્સો હાલમાં જોરશોરથી ચર્ચાતો હોવા છતાં તેની સત્તાવાર પુષ્ટિ આ બંનેમાંથી કોઈ દેશે કરી નથી અને વળી એથી ઊલટું ચીન આ બાબતનો સત્તાવાર ઈન્કાર કરી ચૂક્યું છે. વેલ, આમાં સાચું શું અને ખોટું શું અને એય વળી કેટલું? આ ચર્ચામાં તથ્ય કેટલું? આ બધા મુદ્દા તો લાંબા સમય સુધી ચર્ચાયા કરશે. પણ, આપણે અહીંથી ફંટાઈને આ જ નિમિત્તે વિશ્વસ્તરના યુદ્ધલક્ષી ઈતિહાસના એવા કેટલાક પુરવાર થઈ ચૂકેલા કિસ્સાની વાત કરીએ કે જેમાં એક દેશ દ્વારા બીજા દેશમાં કુદરતી આપત્તિ સર્જીને તેનો ઉપયોગ ખરા અર્થમાં એક હથિયાર તરીકે થયો હોય.

આવા કિસ્સાની વાત કરીએ તો એ મુજબ યુદ્ધની વ્યૂહરચનાઓના આધારે પણ યુદ્ધના વિવિધ પ્રકાર પડી શકે. આવો જ પહેલો પ્રકાર છે પાણી આધારિત યુદ્ધ એટલે કે હાઈડ્રોલોજિકલ વૉરફેર અથવા પૂર જેવી કુદરતી આપત્તિનું કૃત્રિમ રીતે થતું સર્જન અને તેના થકી થતું યુદ્ધ. વિશ્વના ઈતિહાસમાં આ પ્રકારના યુદ્ધના ત્રણ કિસ્સા નોંધાયેલા છે. પીળી નદીનું પૂર કહેવાતું ચીનમાં 1938માં કૃત્રિમ રીતે સર્જાયેલું પૂર એ આ પ્રકારના યુદ્ધનો પહેલો કિસ્સો કહી શકાય. એમાં બનેલું એવું કે 1938ની બીજી ચીન-જાપાન વૉર દરમ્યાન વીજળીની ગતિએ આગળ વધી રહેલા જાપાનીઝ લશ્કરને ધીમું પાડવા અને બની શશકે તો અટકાવવા માટે ચીનની



**આવો જ પહેલો પ્રકાર છે પાણી આધારિત યુદ્ધ એટલે કે હાઈડ્રોલોજિકલ વૉરફેર અથવા પૂર જેવી કુદરતી આપત્તિનું કૃત્રિમ રીતે થતું સર્જન અને તેના થકી થતું યુદ્ધ**




તત્કાલીન નેતાગીરીએ હ્યુઆંકોઉ ડેમ તોડી પાડવાનો નિર્ણય લીધો. તેનાથી જાપાનની આગેકૂચ તો થંભી ગઈ પણ તે સાથે ખુદ ચીનમાં મોટા પ્રમાણમાં જાનમાલની હાનિ થઈ અને મોટી સંખ્યામાં સ્થાનિક પ્રજાએ સ્થળાંતર કરવું પડ્યું. આમ આ યુદ્ધમાં ચીનને જીત ખરેખર ઘણી મોંઘી પડી. એક અંદાજ મુજબ ચીનની આ વ્યૂહરચનાના કારણે ચીનમાં જ આશરે 8,00,000 ચીની નાગરિકો માર્યા ગયા અને અંદાજે અન્ય 4 મિલિયન ચીની નાગરિકો વિસ્થાપિત બન્યા. પર્યાવરણને સૌથી વધુ નુકસાન કરનાર યુદ્ધ તરીકે આ યુદ્ધ આજે પણ વિશ્વના ઈતિહાસમાં નોંધાયેલું છે.

ધ રિનલેન્ડ ઓફેન્સિવ(નેધરલેન્ડ્સ 1944) બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન બનેલા આ કિસ્સાની વિગત એવી છે કે પીછેહઠ કરી રહેલી જર્મન સેનાએ રાઈન નદી પરનો ઓઈજપોલ્ડર ડેમ તોડી નાખ્યો જેથી કેનેડિયન સેના અને બીજા મિત્રદેશોની સેનાની આગેકૂચ ધીમી પડી ગઈ હતી.

ધ સાઈજ ઓફ મંટુઆ-મંટુઆ પરનું આક્રમણ(ઈટાલી, 1797) નેપોલિયન બોનાપાર્ટે મંટુઆની આસપાસના મેદાની પ્રદેશમાં પૂરની પરિસ્થિતિ સર્જવા માટે તેના મિલિટરી એન્જિનિયર્સને સત્તાવાર હુકમ આપ્યો હતો. નેપોલિયનની આ વ્યૂહરચનાનો પ્રાથમિક હેતુ એ હતો કે પાણીના કૃત્રિમ ખાબોચિયાં ઊભાં કરીને આ પ્રદેશમાં મેલેરિયાનો રોગચાળો ફેલાવવો.

આ જ રીતે કૃત્રિમ રોગચાળાના ફેલાવાના અને એ થકી બાયોલોજિકલ વૉરફેરના પણ કિસ્સા મળે છે, જેમાં 1155માં ઈટાલીના ટૉર્ટોના પર થયેલું આક્રમણ અને 1763માં નોર્થ અમેરિકામાં ફેલાયેલા અછબડાના રોગચાળાનો સમાવેશ થાય છે. એ જ રીતે યુદ્ધની એક વ્યૂહરચના તરીકે આગચંપી અને કેમિકલ વૉરફેરના કિસ્સા પણ ઈતિહાસમાં મળે છે, જેમાં 1991ના ઈરાક-ઈરાન યુદ્ધ દરમ્યાન કુવૈતના પેટ્રોલિયમના કૂવાઓમાં લાગેલી આગ અને 1961-1971 દરમ્યાનના વિયેતનામ વૉરના આપરેશન રાંચ હેન્ડનો સમાવેશ થાય છે.

# દર્શકો યશને નહીં ફિલ્મને 'ના'કહેવા મજબૂર બન્યા!




ફિલ્મોગ્રાફ

રાકેશ ઠક્કર

ફિલ્મ 'ટોક્સિક'ની સરખામણી 'આદિપુરુષ'માં ઓમ રાઉતે જે પ્રભાસ સાથે કર્યું હતું તેની સાથે કરવામાં આવી છે. મતલબ કે મોટા કલાકારનો પૂરો ગેરઉપયોગ થયો છે. 'ટોક્સિક'માં એના નામ પ્રમાણે અનેક ખરાબી છે. સૌથી સારી વાત એ છે કે લગભગ સાડા ચાર વર્ષના પછી સ્ક્રીન પર પુનરાગમન કરી રહેલા અભિનેતા યશનો પ્રભાવ અદ્દભુત છે. સમગ્ર ફિલ્મને તેમણે પોતાના એકલાના દમ પર ખેંચવાનો પૂરો પ્રયત્ન કર્યો છે. તેમનો આક્રોશ, શૈલી, એક્શન અને અંતિમ ભાગમાં પિતા અને પુત્રના સંબંધોમાં દર્શાવાયેલી માનસિક પીડાનો અભિનય અત્યંત પ્રશંસનીય છે. ફિલ્મના જે એક-બે હકારાત્મક પાસા છે એમાં એક યશ જ છે. સમીક્ષકોએ 5 સ્ટારમાંથી જે દોઢ-બે સ્ટાર આપ્યા છે એમાં એક યશને કારણે છે. ફિલ્મનો ક્લાઈમેક્સ સીન અને તેના અંતમાં આવતો સસ્પેન્સ ટ્વિસ્ટ આખી ફિલ્મની લાઈમલાઈટ ચોરી લે છે. ફિલ્મે બોક્સ ઓફિસ પર શરૂઆત 'રોકી ભાઈ' ની જેમ બમ્પર ઓપનિંગ (રૂ.101 કરોડ) મેળવ્યું હતું. બીજા દિવસથી વાસ્તવિકતાનો સામનો કરી પાંચમા દિવસ (રૂ.21 કરોડ) સુધીમાં શાંતિથી 'સામાન્ય રસ્તો' પકડી લીધો છે! કેમકે દર્શકોને યશ ગમ્યો હતો ફિલ્મ નહીં. બોક્સ ઓફિસ પર ધીમે ધીમે તિજોરી ભરાઈ રહી છે, પણ થિયેટર બહાર નીકળતા દર્શકો બોલી રહ્યા છે કે યશ તો સુપર છે, પણ ફિલ્મમાં ચાલી શું રહ્યું છે એની ખબર પડી નથી! ફિલ્મની લંબાઈ જેટલી જ લાંબી યાદી એના નકારાત્મક પાસાઓની છે. 3 કલાક 14 મિનિટની લંબાઈ ખૂબ વધારે લાગે છે. ફિલ્મ જોવી એ યશના ચાહકો માટે પણ કસોટી જેવી છે. એમના માટે ફિલ્મ જોવી એ હ્રદય તોડનારો અનુભવ બની શકે છે. જો ફિલ્મ 2.5 કલાકની હોત તો વધુ યોગ્ય રહ્યું હોત. પહેલો ભાગ પોણા બે કલાકનો છે અને ખૂબ જ ધીમો ચાલે છે. વાર્તા દર્શકોને પકડી રાખવામાં નિષ્ફળ રહે છે. સૌથી મોટી ખામી તેનું એડિટિંગ છે. ફિલ્મને ઈન્સ્ટાગ્રામ રીલ્સની જેમ એડિટ કરવામાં આવી છે, જ્યાં દર 5 સેકન્ડે સીન બદલાઈ જાય છે. કોઈ સીન કે ડાયલોગ પૂરો થાય તે પહેલાં જ સીન કટ થઈ જાય છે, જેથી પ્રેક્ષકો કોઈ પણ ભાવનાત્મક દ્રશ્ય સાથે જોડાઈ શકતા નથી. નિર્દેશક ગીતુ મોહનદાસે 3 કલાકમાં એટલી બધી બાબતો અને આઈડિયાઝ ઠાંસી ઠાંસીને ભરવાનો પ્રયત્ન કર્યો છે કે પરિણામ શૂન્ય આવ્યું છે. ઘણા એક્શન સીન્સ ખૂબ જ જુની શૈલીના અને ફેક લાગે છે. ગોળી ક્યાંક ચાલે છે અને હવામાં કોઈ બીજું ઉડે છે, જેમાં કોઈ લોજિક નથી. બાળપણની ગરીબી, ખરાબ ભૂતકાળ અને ત્યારબાદ ખોટો રસ્તો પસંદ કરવો એ વાર્તા 'KGF'અને અન્ય ગેંગસ્ટર ફિલ્મો જેવી જ લાગે છે. વાર્તામાં કોઈ જરૂરિયાત ન હોવા છતાં ફેક ઈન્ટિમેટ સીન્સ અને અડલ્ટ કન્ટેન્ટ બળજબરીથી ઉમેરવામાં આવ્યું છે, જે દર્શકોને અસહજ કરે છે. કેટલાક એક્શન સીન્સ (જેમ કે ટ્રેલરમાં બતાવેલ ફાઈટ સીન) મુખ્ય વાર્તા સાથે જોડાયેલા લાગતા નથી, માત્ર પબ્લિસિટી માટે મુકાયા હોય તેવા લાગે છે. ફિલ્મ મૂળ કન્નડ અને અંગ્રેજીમાં શૂટ થઈ હોવાથી હિન્દી ડબિંગમાં કલાકારોના હોઠના હલનચલન સાથે ડાયલોગ્સ મેચ થતા નથી. દરેક પાત્ર ખૂબ જ ધીમે ધીમે બોલતા નજરે પડે છે. ઘણી જગ્યાએ યશનો અવાજ એટલો જોરથી ડબ કરાયો છે કે તેમના ચહેરાના હાવભાવ સાથે બંધબેસતો નથી. ઓછું હતું તો યશ એક્શન કરવા કરતાં સંવાદ વધુ બોલે છે. યશ સિવાયના અન્ય પાત્રો સરખી રીતે સ્થાપિત થતા નથી, જેથી પ્રેક્ષકો તેમની સાથે ઈમોશનલી જોડાઈ શકતા નથી. નયનતારા અને યશ વચ્ચેના ભાઈ-બહેન કે વાર્તાના કનેક્શન અને બોન્ડિંગે ફિલ્મની થોડી ઈજ્જત બચાવી લીધી છે. કિયારા અડવાણીના પાત્રનું લેખન કાગળ પર સારું હતું, પરંતુ તેના રોલ અને કેરેક્ટર ડેવલપમેન્ટ પર ધ્યાન આપવાના બદલે કેમેરા ગલત રીતે શૂટ કરવામાં આવ્યો છે. તો વાર્તામાંથી હુમા કુરેશી અને રૂક્મિણીના પાત્રો હટાવી દેવામાં આવે તો પણ ફિલ્મ પર કોઈ ફરક પડતો નથી. તેમના પાત્રો વેડફાઈ ગયા છે. રવિ બસરૂરનું બેકગ્રાઉન્ડ મ્યુઝિક આખી ફિલ્મમાંથી ગાયબ હોય તેવું લાગે છે. ગીતો એકદમ એવરેજ છે અને એડિટિંગના લીધે યાદ રહી શકે તેમ નથી.

**કોઈ સીન કે ડાયલોગ પૂરો થાય તે પહેલાં જ સીન કટ થઈ જાય છે, જેથી પ્રેક્ષકો કોઈ પણ ભાવનાત્મક દ્રશ્ય સાથે જોડાઈ શકતા નથી!**

યશની 'ટોક્સિક'દર્શકોની મધ્યમ અપેક્ષાઓ પર પણ પાણી ફેરવી દે છે. વિઝ્યુઅલ શૈલી અને મોટા બજેટની ભવ્યતા હોવા છતાં નબળી વાર્તા અને દિશાહીન નિર્દેશનને કારણે આ એક ભવ્ય પણ નિષ્ફળ પ્રયાસ બનીને રહી જાય છે. યશ ચાલતા હોય, બેસતા હોય, સિગારેટ પીતા હોય કે મારપીટ કરતા હોય -દરેક સીનમાં અતિશય સ્લો-મોશન વાપરવાથી તેનો અસલી પ્રભાવ ઓછો થઈ જાય છે.

કોઈપણ પાત્ર સાથે દર્શકો ઈમોશનલી જોડાય તે માટે ઈમોશન જરૂરી છે. ફિલ્મમાં રાયાના ભૂતકાળ અને તેના દર્દનું કારણ દર્શકો સુધી પહોંચાડવામાં બહુ મોડું કરી દેવાયું છે. છેલ્લી ૩૦ મિનિટમાં ઈમોશન્સ ઉમેરવાથી દર્શકો જોડાણ અનુભવી શકતા નથી. ફિલ્મની મજાક 'આદિપુરુષ'ની જેમ જ થઈ રહી છે. યશના કટ્ટર પ્રશંસક અને માત્ર તેમની સ્ટાઈલ અને દમદાર સ્ક્રીન પ્રેઝન્સ જોવા માંગતા હોવ તો જ આ ફિલ્મ એકવાર જોઈ શકાય છે, પરંતુ જો એક અર્થપૂર્ણ વાર્તા અને પારિવારિક મનોરંજનની અપેક્ષા રાખતા હોવ તો આ ફિલ્મથી દૂર રહેવું જ વધુ યોગ્ય રહેશે.

**ઓટોગ્રાફ !**

**ફિલ્મ 'ટોક્સિક'માં નિર્દેશકે ગીતનું નામ 'તબાહી' રાખ્યું હતું પણ ફિલ્મ જોઈને બહાર નીકળતા દર્શકોના દિમાગ માટે એ આખી ફિલ્મનો સાર બની ગયું!**


# કુંવારી કન્યાને કૂરૂપતાની સમસ્યા..!

જીવન સરિતાને તીરે

દિનેશ પાંચાલ

સાવિત્રીબેન જોડે લગ્ન થઈ ગયા બાદ બચુભાઈને ખબર પડેલી કે સાવિત્રીને કોઈ યુવાન જોડે પ્રેમ હતો, પણ કોણ જાણે કેમ તે યુવાને લગ્ન કરવાનો ઈન્કાર કરેલો. એક દિવસ તે માણસ જઈ રહ્યો હતો. તેના તરફ આંગળી ચીંધી બચુભાઈએ પોતાના હિન્દી ભાષી મિત્રને કહ્યું: 'યે જો જા રહા હૈ ઉસ આદમી પર મુઝે બહોત ગુસ્સા આતા હૈ. ઉસને સાવિત્રીસે શાદી કરનેકા ઈન્કાર કર દિયા થા..! કમબખ્ત વો બચ ગયા ઔર મૈં ફસ ગયા..!" જિંદગીના ગમે તેવા જટિલ દુ:ખોને બચુભાઈએ હસી કાઢ્યા હતા; પણ લગ્નમાં પસંદગી ના પસંદગી, જોડુ-કજોડુ એ બહુ મહત્વના પરિબળો છે. એ હસી કાઢવા જેવા નથી હોતા. હેનરી બિચરે કહ્યું છે: 'જ્યાં સુધી આપણે સ્વયં માવતર ના બનીએ ત્યાં સુધી માબાપનો પ્રેમ આપણે સમજી શકતા નથી!'અહીં એટલું ઉમેરી શકાય: આપણે માબાપ બનીએ પછી જ માબાપની આપણાં પ્રત્યેની લાગણી આપણને સમજાતી હોય છે. ઉદાહરણ તરીકે હું મારા દીકરાને નવું સ્કૂટર લઈ આપું તો દીકરાને મારા પ્રેમની અનુભૂતિ થઈ શકે, પણ એ અકસ્માત ન કરી બેસે તે માટે હું તેને સ્કૂટર ધીમેથી હાંકવાની સલાહ આપું તો એ સલાહમાં છૂપાયેલી પિતૃસહજ ચિંતા એ સમજી શકતો નથી. એ સલાહને એ બિનજરૂરી સમજે છે. અમારા બચુભાઈ કહે છે: 'અપરિણિત યુવાનોએ માબાપની લાગણી સમજવી એ જાણે અભ્યાસક્રમની બહારનો પ્રશ્ન હોય તેમ તેઓ તેને ઈગ્નોર કરે છે. સત્ય એ છે કે પોતાની દીકરી કૂરૂપ હોય તો પણ માબાપને તે સુંદર દેખાય છે. એવી દીકરીને મુરતિયો નાપસંદ કરે ત્યારે માબાપના દિલમાં પેદા થતી વેદના- દીકરીના દિલની વેદનાથી કોઈ રીતે ઉતરતી નથી

**વાળ એટલા સુંદર કાપે છે કે તે દાદાગીરી પૂર્વક લોકોને ના પાડી દે છે તો પણ એને ત્યાં ગ્રાહકોની લાઈન લાગે છે. ઈશ્વરે ભલે એનો ચહેરો બેડોળ બનાવ્યો, પરંતુ વાળ કાપવામાં એ ઈશ્વર જેવી ભૂલ કરતો નથી, એથી એનો ધંધો સારો ચાલે છે**



હોતી. આપણી મૂળ ચર્ચા કદરૂપા સંતાનના લગ્ન કરવામાં પડતી તકલીફોની છે. જેમને ભગવાને સૌંદર્ય આપ્યું છે, સમજો કે તેમને હુકમનું પાનુ મળ્યું છે. પરંતુ જેઓ દેખાવે કુરૂપ હોય તેમણે ઊના ઊના નિસાસા નાખવા પડે છે. જોકે અત્રે એક મહત્વની વાત વિસરવા જેવી નથી. ઘણી વ્યક્તિમાં બાહ્ય સૌંદર્ય નથી હોતું, પરંતુ આંતરિક સૌંદર્ય ભરપૂર હોય છે. ખરડાયેલી સોનાની વીંટી પર કાદવનું પડ બાઝ્યું હોવાથી તે ચમકી શકતી નથી, પરંતુ એ કારણે સોનાના કૅરેટ ઓછા થઈ જતાં નથી. કોઈ "પારખુ"માણસ એની સાચી કિંમત સમજી શકે છે. બાહ્ય દેખાવે કદરૂપી લાગતી વ્યક્તિઓના ભીતરી સૌંદર્ય પર તેમની બાહ્ય કૂરુપતાનું પડ બાઝેલું હોય છે. તેને શી રીતે જાણી શકાય તે વિસ્તૃત છણાવટ માંગી લે એવો મુદ્દો છે. પરંતુ તે પૂર્વે આપણે થોડી દાંપત્યવિષયક સમસ્યાની વાતો કરીએ. (એ સમસ્યા લગ્ન બાદ કદરુપા પાત્રોને જ નહીં, રૂપાળા પાત્રોને પણ બહુ કનડે છે)

આ લખતાં લખતાં જ એક પ્રશ્ન થયો: કલ્પના કરો એક સુથાર દેખાવે અત્યંત સુંદર છે. પરંતુ એને સુથારી કામ બિલકુલ આવડતું નથી. અહિં વિચારો કે- શું એનો ધંધો એના રૂપને કારણે ચાલી શકશે ખરો..? જવાબ સ્પષ્ટ ના માં આવે છે. હવે સામી દિશાનો એક અન્ય પ્રશ્ન વિચારીએ. માણસમાં સૌંદર્ય ના હોય પણ ભરપુર આવડત હોય તો તેને જરાય વાંધો આવતો નથી. અમારા ગામનો એક દરજી દેખાવે અત્યંત સુંદર છે. પરંતુ એને સીલાઈનું કામ બિલકુલ આવડતું નથી. શું એનો ધંધો કેવળ એના દૈહિક સૌંદર્યના બળે ચાલી શકશે ખરો? જવાબ સ્પષ્ટ નામાં આવે છે. માણસમાં સૌંદર્ય ના હોય પણ આવડત ભરપુર હોય તો એને વાંધો આવતો નથી. અમારા ગામનો એક વાળંદ દેખાવે સાવ કદરૂપો છે. એનો ભાવ પણ વધારે છે. પરંતુ . કંઈક એવું સમજાય છે. માણસના પ્રત્યેક સદ્ગુણ કે ક્ષમતાની ચોક્કસ કિંમત હોય છે. અને તે ચોક્કસ જગ્યાએ જ ઉપયોગમાં આવી શકે છે. (જ્યાં સોયનું કામ હોય ત્યાં તલવાર કામ આવતી નથી) સદ્ગુણો વિનાનું સૌંદર્ય સોનાના કાણા પ્યાલા જેવું હોય છે. સોનાનો કાણો પ્યાલો દેખાવે આકર્ષક હોય છે. પણ તેમાં પાણી પી શકાતું નથી. એની તુલનામાં એલ્યુમિનિયમનું પ્યાલું ભલે કદરૂપુ હોય પણ તે વડે પાણી પી શકાય છે. આટલા ઉદાહરણો ધ્યાનમાં રાખી વિચારીશું તો સમજાશે કે પરિણીત જીવનમાં સૌંદર્યનું અમુક માત્રામાં જ વેઈટેજ હોય છે. ઘણું મહત્વ આંતરિક સૌંદર્યનું હોય છે. કોઈ મુરતિયો શાહરૂખ ખાન જેવો રૂપાળો હોય પરંતુ તેનામાં બે પૈસા કમાવાની ત્રેવડ ના હોય તો એનું સૌંદર્ય પેલા સોનાના કાણા પ્યાલાથી વિશેષ હોતું નથી. માધુરી દિક્ષીત જેવી રૂપાળી યુવતી બહું બહું તો પોતાના સૌંદર્યથી તેના પતિનું મન તૃપ્ત કરી શકે પરંતુ તેને રસોઈ બનાવતા ના આવડતું હોય તો પતિએ ક્યાં તો સ્વયં રસોઈ બનાવવી પડે; અથવા બન્નેએ લોજમાં જમવું પડે. મૂળ વાત એટલી જ; શરીર સૌંદર્ય દશ રૂપિયાની નોટ જેવું છે. દશ રૂપિયાની નોટ સાવ નવી હોય તોય તેની કિંમત દશ રૂપિયાથી એક પૈસો વધારે ઊપજતી નથી. દેહ સૌંદર્યની ઉપયોગિતા પણ અમુક હદ સુધી જ હોય છે. એમ સમજો કે દેહ સૌંદર્યનું મહત્વ સિનેમાની ટિકિટ જેવું હોય છે. સિનેમાની ટિકિટ ખરીદવાથી થિયેટરમાં પ્રવેશ મળી શકે છે. તેમ કન્યાનું મુખડું રૂપાળુ હોય તો સંસારના સિનેમા હૉલમાં તેને પ્રવેશ મળી શકે. પરંતુ જેમ થિયેટરમાં પ્રવેશ મળવા માત્રથી મજા આવી જતી નથી - ફિલ્મ પણ સારી હોવી જોઈએ. તે પ્રકારે લગ્ન થઈ જવાથી બેડો પાર થઈ જતો નથી. બીજી આવડતો પણ હોવી જોઈએ. આપણે એને માણસનો આંતરિક વૈભવ કહી શકીએ.

**ધૂપછાંવ**

*પરંતુ સવાલનો સવાલ એ છે કે બહારથી જેઓ કદરૂપા દેખાય છે તેમની પાસે આંતરિક સૌંદર્ય છે કે નહીં (અને હોય તો તે કેટલું છે) એ જાણવાનો કોઈ ઉપાય ખરો? ચાલો વિચારીએ.*